# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




## ગળતેશ્વરના નવાખાનપુરથી 150 શ્રદ્ધાળુ 52 ગજની પાંચ ધજાઓ સાથે પાવાગઢ જવા રવાના




ગળતેશ્વર તાલુકાના નવાખાનપુર ગામના આયોજક ભલાભાઈ સાલમભાઈ પરમારના નેજા હેઠળ ચૈત્ર નવરાત્રીના પાવન અવસરે પાવાગઢ ધજાજી સાથે પદયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આ સંઘમાં 150થી વધુ ભાઈઓ, બહેનો અને બાળકો જોડાયા છે, જેઓ 52 ગજની પાંચ ધજાઓ સાથે માઈના ધામ પાવાગઢ જઈ રહ્યા છે. આ ધજાઓ પાંચ દાતા હિતેશભાઈ પરમાર, રાજેશભાઈ મણિલાલ પરમાર, ઈશ્વરભાઈ પરમાર, રજનીકાંત પરમાર અને રાજેશભાઈ ઈશ્વરભાઈ પરમાર દ્વારા બનાવવામાં આવી છે. વિશેષ બાબત એ છે કે આ તમામ ધજાજીનું સિલાઈ કામ ગામના દરજી તેજલબેન ભલાભાઈ પરમાર દ્વારા કોઈ પણ ચાર્જ લીધા વિના નિ:શુલ્ક સેવા રૂપે કરવામાં આવ્યું છે. આ સંઘ સેવાલિયા થઈને પાવાગઢ પહોંચશે. **તસ્વીરઃ સંજય શાહ**

### નડિયાદ શહેરના સંતરામ નિલયમમાં 2021થી ભાડાપટ્ટો પૂર્ણ છતાં તંત્ર મૌન

# નડિયાદ મનપાની મિલકતો પર કબજો

**ભાડું લેવાનું બંધ પણ** કબજો પરત લેવામાં તંત્રના ઠાગાઠૈયા




(પ્રતિનિધિ) નડિયાદ તા.24

નડિયાદ મહાનગરપાલિકા હસ્તકની સંતરામ નિલયમ કોમ્પ્લેક્ષની દુકાનોનો ભાડાપટ્ટો વર્ષ 2021માં પૂર્ણ થઈ ગયો હોવા છતાં તંત્ર દ્વારા આ મિલકતોનો કબજો પરત મેળવવામાં રહસ્યમય ઢીલ મૂકવામાં આવી રહી છે. વર્ષ 2009-10માં ભાડે આપવામાં આવેલી આ દુકાનોની મુદત પૂરી થતા પાલિકાએ ટેકનિકલી ભાડું લેવાનું બંધ કર્યું છે, પરંતુ ભૌતિક કબજો ખાલી કરાવવામાં કોઈ રસ દાખવ્યો નથી. આ સ્થિતિના કારણે પાલિકાની તિજોરીને લાખો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે, જ્યારે વગદાર વેપારીઓ કોઈપણ ભાડા વગર સરકારી મિલકતનો ધંધાકીય ઉપયોગ કરીને 'ઘી-કેળા' જેવી સ્થિતિનો લાભ લઈ રહ્યા છે.

નડિયાદ શહેરના સંતરામ નિલયમ કોમ્પ્લેક્ષમાં પ્રથમ માળથી ઉપરના માળ સુધીની તમામ દુકાનો અને ગોડાઉનોનો વહીવટ હાલ રામભરોસે ચાલી રહ્યો હોય તેમ જણાય છે. એક તરફ શહેરનો મધ્યમ વર્ગ ધંધા રોજગાર માટે જગ્યા શોધી રહ્યો છે, ત્યારે બીજી તરફ માલેતુજારો સરકારી મિલકતો પચાવીને બેઠા છે. તંત્ર દ્વારા કડક કાર્યવાહી કે નોટિસ આપવાને બદલે માત્ર ઠાગાઠૈયા કરવામાં આવતા હોવાથી સવાલો ઉભા થયા છે. મનપા બન્યા બાદ પણ તંત્રની કાર્યશૈલીમાં કોઈ સુધારો જોવા મળ્યો નથી અને સરકારી મિલકતોની જાળવણીના સ્થાને વેપારીઓને છાવરવામાં આવતા હોવાની લોકચર્ચા જાગી છે.

#### ગેરકાયદેસર વેચાણના કૌભાંડની આશંકા

ભાડાપટ્ટો પૂર્ણ થયા બાદ પણ અનેક વેપારીઓએ અંદરોઅંદર મોટી રકમ લઈને દુકાનોના આંતરિક સોદા કરી દીધા હોવાની ગંભીર ચર્ચાઓ વેગ પકડી રહી છે. જો તંત્ર દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો મિલકત હડપ કરી જવાના અને ગેરકાયદેસર નાણાકીય વ્યવહારોના મોટા કૌભાંડો બહાર આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. જો આ મિલકતો ખાલી કરાવીને પારદર્શક રીતે પુનઃ હરાજી કરવામાં આવે તો પાલિકાની આવકમાં મોટો ઉછાળો આવી શકે છે અને બેરોજગાર યુવાનોને પણ રોજગારીની તક મળી શકે તેમ છે.

#### 600થી વધુ મિલકતો વિવાદના ઘેરામાં આવી

શહેરમાં માત્ર સંતરામ નિલયમ જ નહીં, પરંતુ વિવિધ વિસ્તારોમાં આવેલી મનપાની માલિકીની અંદાજે 600થી વધુ દુકાનો અને મિલકતો હાલ વિવાદના ઘેરામાં છે. સરકારી કોમ્પ્લેક્ષોમાં ભાડાપટ્ટાની મુદ્દત વીતી ગઈ હોવા છતાં તંત્ર દ્વારા કબજો મેળવવા માટે કોઈ આયોજન કરવામાં આવ્યું નથી. આ ઢીલી નીતિના કારણે કરોડો રૂપિયાની સરકારી મિલકતોનો ખાનગી સ્વાર્થ માટે ઉપયોગ થઈ રહ્યો છે.

# નડિયાદ શહેરના એન્જિનિયર સાથે રોકાણના નામે ₹75 હજારની ઠગાઈ

**વધુ નફાની લાલચ** આપી 5 ભેજાબાજોએ પેકેજ સિસ્ટમથી નાણાં પડાવ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.24

નડિયાદની રાજદીપ સોસાયટીમાં રહેતા અને સરકારી વિભાગમાં એન્જિનિયર તરીકે ફરજ બજાવતા એક યુવાનને શેરબજારમાં ઈક્વિટીના બદલે 'ફ્યુચર એન્ડ ઓપ્શન'માં રોકાણ કરી મોટો નફો મેળવવાની લાલચ આપી રૂ.75 હજારની છેતરપિંડી આચરવામાં આવી છે.

'ધ કેપિટલ સર્વિસ રિસર્ચ એનાલિસ્ટ' કંપનીના નામે સંપર્ક કરી ભેજાબાજોએ યુવાન પાસેથી અલગ-અલગ હપ્તે નાણાં પડાવી લીધા હતા. આ રીતે ખેલાયો છેતરપિંડીનો ખેલ ભોગ બનનાર એન્જિનિયર યુવાન પર ગત સપ્ટેમ્બરમાં રાખિબેન નામના મહિલાનો ફોન આવ્યો હતો, જેમણે પોતાની ઓળખ રિસર્ચ એનાલિસ્ટ કંપનીના પ્રતિનિધિ તરીકે આપી હતી. તેમણે શેરબજારમાં રોકાણ માટે 75,000 થી લઈને 2.50 લાખ સુધીના અલગ-અલગ પેકેજની લિંક મોકલી હતી. યુવાને 75,000 વાળું પેકેજ પસંદ કરી પ્રથમ હપ્તા તરીકે 37,000 ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. શરૂઆતમાં કંપનીની ટિપ્સ મુજબ છ દિવસમાં 25,000નો નફો થતા યુવાનને વિશ્વાસ બેઠો હતો, જેથી તેમણે બાકીના 38,000 પણ ભરી દીધા હતા. નુકસાન કરાવી વધુ નાણાંની માંગણી કરી કુલ 75,000 જમા થયા બાદ કંપનીની એક ટિપ્સમાં યુવાને 1.20 લાખનું રોકાણ કર્યું હતું, જેમાં તેમને મોટું નુકસાન ગયું હતું. આ નુકસાન ભરપાઈ કરી આપવાની ખાતરી આપી ભેજાબાજોએ ફરી 75,000ની માંગણી કરી હતી. જોકે, શંકા જતા તપાસ કરતા આવી કોઈ સ્કીમ હોવાનું જણાયું નહોતું. અંતે યુવાને નાણાં પરત માંગતા ટોળકીએ ટિપ્સ આપવાનું બંધ કરી દીધું હતું. પાંચ શખ્સો સામે પોલીસ ફરિયાદ આ મામલે એન્જિનિયરે સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ કર્યા બાદ હવે નડિયાદ પશ્ચિમ પોલીસે પાંચ શખ્સો સામે મોબાઈલ નંબર આધારે ગુનો નોંધ્યો હતો.

# આણંદમાં 4,448 વિદ્યાર્થી ગુજકેટની પરીક્ષા આપશે

**જિલ્લામાં 29મીના** રોજ 21 બિલ્ડીંગના 224 બ્લોકમાં પરીક્ષાનું આયોજન

(પ્રતિનિધિ) આણંદ તા.24

આણંદ જિલ્લામાં આગામી 29મી માર્ચ 2026ના રોજ ગુજકેટ - 2026ની પરીક્ષા યોજાનાર છે. જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા મળતી માહિતી મુજબ, આ પરીક્ષામાં જિલ્લાભરમાંથી કુલ 4,448 વિદ્યાર્થીઓ નોંધાયા છે, જેઓ વિવિધ કેન્દ્રો પર પોતાની કસોટી આપશે.

આણંદ જિલ્લામાં આગામી રવિવાર, 29મી માર્ચના રોજ યોજાનારી આ પરીક્ષા ત્રણ સત્રોમાં લેવામાં આવશે. જેમાં રાસાયણિક વિજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાનની પરીક્ષા સવારે 10:00 થી બપોરના 12:00 કલાક સુધી યોજાશે. બાદમાં બપોરે 2-00થી 3-00 કલાક દરમિયાન જીવવિજ્ઞાન અને સાંજે 4-00થી 5-00 કલાક સુધી ગણિતની પરીક્ષા લેવામાં આવશે.

આ પરીક્ષાના સુચારૂ સંચાલન માટે જિલ્લામાં કુલ 21 બિલ્ડીંગના 224 બ્લોક ખાતે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ પરીક્ષામાં નોંધાયેલા કુલ 4,448 વિદ્યાર્થીઓ પૈકી 2,229 છોકરીઓ અને 2,219 છોકરાઓનો સમાવેશ થાય છે. આમ, જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા ગુજકેટ - 2026 ની પરીક્ષા માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

# નડિયાદમાં બિલ્ડરે એક જ બંગલો બે વ્યક્તિને પધરાવી છેતરપિંડી કરી

**અક્ષય બંગલોઝના** બિલ્ડરો સામે મહિલા વકીલની પોલીસમાં લેખિત રજૂઆત

(પ્રતિનિધિ) નડિયાદ તા.24

નડિયાદના નવા બિલોદરા વિસ્તારમાં આવેલી અક્ષય બંગલોઝ સાઈટમાં મકાન બુક કરાવી રૂ. 7.25 લાખ જેટલી માતબર રકમ ચૂકવી દીધી હોવા છતાં, બિલ્ડરોએ તે જ મકાન અન્ય વ્યક્તિને ઊંચી કિંમતે વેચી મારી વિશ્વાસઘાત કર્યો હોવાનો આક્ષેપ ઉઠ્યો છે. વ્યવસાયે વકીલ અને ખેતી સાથે સંકળાયેલા મહિલાએ આ મામલે નડિયાદ રૂરલ પોલીસ મથકે લેખિત ફરિયાદ આપી છે, જેના પગલે બિલ્ડર લોબીમાં ફફડાટ વ્યાપી ગયો છે.

નડિયાદમાં રહેતા વર્ષાબેન ચૌહાણ નામના મહિલાએ વર્ષ 2023માં મન બિલ્ડર્સની 'અક્ષય બંગલોઝ' સાઈટમાં મુલાકાત લીધી હતી. ત્યાં તેમણે મકાન નંબર 6 પોતાની દીકરી દિવ્યાના નામે રૂ. 40,11,000 માં રાખવાનું નક્કી કર્યું હતું. સમજૂતી મુજબ, ફરિયાદીએ તબક્કાવાર કુલ 7.25 લાખ રૂપિયા ચૂકવ્યા હતા, જેની નોંધ બિલ્ડરના રજિસ્ટર અને ફરિયાદીની ડાયરીમાં પણ કરવામાં આવી હતી.

#### અન્ય પક્ષકારને પણ નોટિસ

બિલ્ડરોએ જે વ્યક્તિને મકાન વેચ્યું છે તે ભીખાભાઈ પટેલને પણ ફરિયાદીએ વકીલ મારફતે નોટિસ પાઠવી છે. જેમાં સ્પષ્ટ જણાવાયું છે કે બિલ્ડરોએ નાણાં લીધા હોવા છતાં દસ્તાવેજ કરી આપ્યો નથી, તેથી અન્ય કોઈએ પણ આ મકાનનો દસ્તાવેજ કરવો નહીં. આ સમગ્ર પ્રકરણમાં મન બિલ્ડર્સના ભાગીદારો સંદિપ પટેલ, ભુપેન્દ્ર પટેલ અને અક્ષય પટેલ સામે કાયદેસરની કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી છે.

જ્યારે ફરિયાદી બાકીના નાણાં ચૂકવવા માટે બિલ્ડરનો સંપર્ક કરવા ગયા, ત્યારે બિલ્ડરોએ ગલ્લાતલ્લા કરી ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. ગત 13મી ફેબ્રુઆરીના રોજ ફરિયાદીએ રૂબરૂ મુલાકાત લેતા બિલ્ડર સંદિપ પટેલે સ્પષ્ટ કહી દીધું હતું કે, આ મકાન અન્ય વ્યક્તિને વેચી દીધું છે અને હવે તે ફરિયાદીને આપવાનું નથી. તપાસમાં બહાર આવ્યું કે બિલ્ડરોએ આ જ મકાન સરસવણીના એક વ્યક્તિને 60 લાખમાં વેચી તેની પાસેથી 40 લાખ એડવાન્સ લઈ લીધા છે. બિલ્ડરોએ નાણાં પરત આપવાની મનાઈ કરી ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે.

# કલમસરમાં બે બાઈક અથડાતા યુવકનું મોત

પત્ની સાથે દવાખાને જઈ રહેલા યુવકને કાળ આંબી ગયો

(પ્રતિનિધિ) ખંભાત તા.24

ખંભાત તાલુકાના કલમસર ગામે બે બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં 32 વર્ષીય યુવકનું મોત નીપજ્યું છે. જ્યારે અન્ય બે ગંભીર રીતે ઘવાતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે.

ખંભાતના કલમસર ગામમાં રહેતા સંજયકુમાર કલ્યાણસિંહ પરમાર (ઉં.વ.32) 23મીના રોજ તેમની પત્ની સવિતાબેન સાથે મોટરસાયકલ પર ડાલી ચોકડી પાસે દવાખાને જવા નીકળ્યા હતા. દરમિયાન કલમસરમાં સરપંચના ઘર પાસેથી પસાર થતી વેળાએ સામેથી પૂરપાટ ઝડપે અને બેફિકરાઈથી આવતી એક મોટરસાયકલના ચાલકે સંજયકુમારની બાઈક સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો. આ કાળમુખા અકસ્માતમાં સંજયકુમારને માથા અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે તેમની પત્ની અને અન્ય બાઈક ચાલક મહેશભાઈને પણ નાની-મોટી ઈજાઓ થઈ હતી. તેમને ખંભાત જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે સંજયકુમારને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના કૌટુંબિક ભાઈએ અકસ્માત સર્જનાર બાઈકના ચાલક મહેશ ભૂપતભાઈ પરમાર સામે ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### આણંદ-કરમસદ મનપાના એસ્ટેટ વિભાગે બુલડોઝર ફેરવ્યું

# આણંદ : 5 દુકાન સહિતનું દબાણ દૂર કરી પ્લોટનો કબજો મેળવ્યો

**લોટીયા ભાગોળ પાસે** 177 ચોરસ મીટરના કોર્નરના પ્લોટ પર કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ તા.24

કરમસદ-આણંદ મનપા દ્વારા શહેરના ટી.પી. સ્કીમ નંબર 10માં આવેલા મનપાના માલિકીના પ્લોટ પરથી ગેરકાયદે દબાણો હટાવી જમીનનો કબજો પરત મેળવવાની મહત્વની કામગીરી હાથ ધરવામાં આવી છે. મનપા કમિશનરની સીધી સૂચના હેઠળ એસ્ટેટ વિભાગની ટીમે લોટીયા ભાગોળ વિસ્તારમાં આવેલી પાંચ દુકાનો અને છાપરાના દબાણો પર હથોડો ચલાવી અંદાજે 177 ચોરસ મીટરનો કિંમતી પ્લોટ ખુલ્લો કરાવ્યો છે.

કરમસદ-આણંદ મનપા હસ્તકની ટી.પી. સ્કીમ 10 ના ફાઈનલ પ્લોટ નંબર 260 માં મનપાની માલિકીનો પ્લોટ આવેલો છે. આ પ્લોટ પર છેલ્લા કેટલાક સમયથી પાંચ દુકાનો અને એક છાપરાનું ગેરકાયદે બાંધકામ કરીને દબાણ કરવામાં આવ્યું હતું. આ બાબતને ગંભીરતાથી લઈ મનપાના એસ્ટેટ વિભાગ દ્વારા દબાણકર્તાઓને આ જગ્યા ખાલી કરવા માટે 15 દિવસ અગાઉ નોટિસ આપવામાં આવી હતી. કરમસદ - આણંદ મનપા દ્વારા આપવામાં આવેલી મહેતલની અવધિ પૂર્ણ થતા જ, એસ્ટેટ ઈન્સ્પેક્ટર અને તેમની ટીમ દ્વારા આજે કડક અમલીકરણ કરવામાં આવ્યું હતું. લોટીયા ભાગોળ પાસે, રાજ શિવાલય ટોકીઝની સામે આવેલા આ મુખ્ય કોર્નરના પ્લોટ પરથી તમામ દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં. આ અંગે એસ્ટેટ ઈન્સ્પેક્ટરના જણાવ્યા અનુસાર, પાંચ દુકાનો અને છાપરું તોડી પાડીને કુલ 177.00 ચોરસ મીટરનો પ્લોટ ખુલ્લો કરી મનપાએ તેનો કબજો વિધિવત રીતે પરત મેળવી લીધો છે.

# વસોમાં ટ્રેક્ટરે 5 વર્ષના માસૂમનો ભોગ લીધો

**આંગણવાડી પાસે** રમતા બાળકનું કમકમાટીભર્યું મોત

(પ્રતિનિધિ) નડિયાદ તા.24

વસો તાલુકાના રામપુરા ગામે આંગણવાડી પાસે રમી રહેલા એક 5 વર્ષના નિર્દોષ બાળકને ટ્રેક્ટરે જોરદાર ટક્કર મારી મોત નિપજાવતાં અરેરાટી વ્યાપી છે.

વસોના રામપુરાના જૂની નિશાળવાળા ફળિયામાં રહેતા ઉર્મીલાબેન પરમાર ગત રાત્રે તેમના પુત્ર ધાર્મિક અને અન્ય બાળકો સાથે રામજી મંદિર પાસે આવેલી આંગણવાડી નજીક ગયા હતા. આ દરમિયાન ગામના જ કિરીટ રમણ પટેલે પોતાનું ટ્રેક્ટર માતાના મંદિર તરફથી અત્યંત સ્પીડમાં અને ગફલતભરી રીતે હંકારી લાવી રમી રહેલા ધાર્મિકને અડફેટે લીધો હતો.

આ અકસ્માતમાં બાળકની માતાએ બૂમાબૂમ કરવા છતાં ચાલકે ટ્રેક્ટર ઉભું રાખ્યું નહોતું અને નાસી છૂટ્યો હતો. લોહીલુહાણ હાલતમાં ધાર્મિકને તાત્કાલિક નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

તબીબોના જણાવ્યા અનુસાર, કાન અને નાકમાંથી અતિશય રક્તસ્ત્રાવ થવાને કારણે બાળકનું મોત નીપજ્યું છે. આ મામલે વસો પોલીસે મૃતકની માતાની ફરિયાદના આધારે ગુનો નોંધી ફરાર ટ્રેક્ટર ચાલકને પકડવા વધુ તપાસ હાથ ધરી છે.

# બોરસદમાં વ્યાજખોરી : ₹70 હજાર સામે 11.57 લાખ માંગ્યાં

**બંસરીધર જ્વેલર્સના** માલિક વિરુદ્ધ છેતરપિંડી અને ગેરકાયદેસર નાણાં ધીરધારની ફરિયાદ

(પ્રતિનિધિ) બોરસદ તા.24

બોરસદ શહેરમાં વધુ એક વ્યાજખોરીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં સામાન્ય મજૂરી કામ કરીને ગુજરાન ચલાવતા એક વૃદ્ધ વ્યાજખોર સોનીની ચુંગાલમાં ફસાયા છે. સોનાના દાગીના ગીરે મૂકીને લીધેલી રકમ સામે લાખો રૂપિયાનું ચક્રવૃદ્ધિ વ્યાજ વસૂલવાનો પ્રયાસ કરી દાગીના પરત ન આપતા આખરે ભોગ બનનાર વૃદ્ધે બોરસદ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

બોરસદમાં રહેતા 68 વર્ષીય ભીમજીભાઈ દાનાજી વણઝારા છેલ્લા 20 વર્ષથી 'બંસરીધર જ્વેલર્સ' ના માલિક હિતેષ સોની સાથે વ્યવહાર ધરાવતા હતા. વર્ષ 2017માં પરિવારમાં નાણાંની જરૂરિયાત ઊભી થતા ભીમજીભાઈએ પોતાના પુત્રોની સોનાની ચેઈન અને બેંકના કોરા ચેક ગીરવે મૂકી હિતેષ સોની પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા.

આ અંગે ફરિયાદીના જણાવ્યા અનુસાર, તેઓએ સમયાંતરે ટુકડે-ટુકડે કુલ 1,20,000 જેવી માતબર રકમ ચૂકવી દીધી હતી. આમ છતાં, જ્યારે તેઓ પોતાના ગીરે મૂકેલા દાગીના પરત લેવા ગયા ત્યારે આરોપી હિતેષ સોનીએ દાગીના આપવાનો ઈનકાર કર્યો હતો. આરોપીએ ખોટી રીતે હિસાબની ગણતરી કરી માત્ર 70,000ની રકમ સામે 11,57,180 બાકી હોવાનું જણાવી ચક્રવૃદ્ધિ વ્યાજ વસૂલવા દબાણ કર્યું હતું.

પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે આરોપી હિતેષ નવીનચંદ્ર સોની પાસે નાણાં ધીરધારનું કોઈ માન્ય લાયસન્સ પણ નથી. વગર લાયસન્સે ગેરકાયદેસર રીતે વ્યાજવટાવનો ધંધો કરી મજબૂર લોકોને શિકાર બનાવતા આ સોની સામે પોલીસે છેતરપિંડી અને ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.